મહિલા કિસાન સશકિતકરણ કાર્યક્રમ
(એમ.કે.એસ.પી.)

જીલ્લા ગ્રામિણ વિકાસ એજન્સી, દાહોદ


# ડાંગરની "શ્રી" પધ્ધતિ માર્ગદર્શિકા


**Submitted by:**

**N. M. SADGURU WATER AND DEVELOPMENT FOUNDATION**

POST BOX NO. 71, DAHOD - 389 151, GUJARAT EMAIL: nmsadguru @yahoo.com

- “શ્રી” (એસ.આર.આઈ.) ડાંગરની સંકલિત ખેતી




પદ્ધતિ

- ખેતરની પસંદગી :
  - સમતલ અને સારા નિતારવાળા ખેતરની પસંદગી કરવી.
- જાતની પસંદગી :
  - સામાન્ય રીતે જે તે વિસ્તાર માટે ભલામણ કરવામાં આવેલી વધુ ઉત્પાદન આપતી વધુ ફુટની ક્ષમતા ધરાવતી જાતો જી.આર.-૧૧, જી.આર.-૧૨, જી.આર.-૧૩, દાંડી તથા મોડી પાકતી જાત નર્મદા, જી.આર.-૧૦૧, મસુરી તથા સંકર જાતો પસંદ કરવી.
- બીજ દર :
  - એકરે બે કિલો.

ધરૂવાડીયુ તૈયાર કરવું

- એક એકરની રોપણી માટે તે જ ખેતરના એક ખુણામાં અથવા બાજુમાં જ ૪૦ ચો.મી. વિસ્તાર પસંદ કરવો.
- છાણીયુ ખાતર : માટી, પ્રથમ છાણીયુ ખાતર, પછી માટી એમ ૨.૫ સે.મી. જાડા ચાર થર કરવાથી ૧૦ સે.મી. ઉંચાઈનાં ગાદી ક્યારા થશે. અથવા ૧:૧ના પ્રમાણથી છાણીયા ખાતર અને માટીનું મિશ્રણ કરી ગાદી ક્યારા બનાવવા.

ફણગાવેલ બીજને પુંકવા

- ૨ કિલો બીજને સાદા પાણીમાં ૨૪ કલાક પલાળવું. દર ૬ કલાકે પાણી બદલવું. પાણી નીતારી કંતાનમાં ૧૨ કલાક સુધી દબાવી રાખો જેથી ફણગાવા (અંકુરણ)ની શરૂઆત થાય.
- ફણગાવેલ બીજના ૪ સરખા ભાગ કરી ૧૦ મી ટ ૧ મી.ના ૪ ગાદી ક્યારામાં સાંજના સમયે એકસરખા પુંકવા. ૧૦ ચોરસ મીટર દીઠ ૧૦ કિલોગ્રામ સારૂ કહોવાયેલું ઝીણું છાણીયું ખાતરનું આવરણ કરવું. ત્યારબાદ રક્ષણ માટે તે જ જાતના ડાંગરનું ઘાસ/પરાળ પાથરવું.
- ત્યારબાદ દરરોજ ઝારાથી દરેક ગાદી ક્યારા ઉપર બે થી ત્રણ વાર (સવાર, બપોર, સાંજ) પાણી છાંટવું.




ફણગાવેલ બીજ




બે દિવસ સુધી ધરૂવાડીયુ ડાંગરના પરાળથી ઢાંકી રાખવું




ધરૂવાડીયુ


તૈયાર ધરૂવાડીયુ

રોપણી માટે મુખ્ય ખેતર તૈયારી

રોપણી માટે મુખ્ય ખેતર તૈયાર કરવું

- એકર દીઠ ૨ ટન સારૂ કહોવાયેલું છાણીયું ખાતર એકસરખું પુંકીને ખેડ કરી જમીનમાં ભેળવી સાનુકુળ લેવરલથી ખેતર સમતળ કરવું.
- ૮ થી ૧૦ સે.મી. પાણી ભરીને ટ્રેકટર/બળદથી ચાલતા પડબરથી ઘાવલ કરવું.
- બીજા દિવસે વધારાનું પાણી નિતારી, લાકડાના પાટીયા અથવા લાંબા વાંસથી જમીનનું માઈક્રો લેવલીંગ કરવું અને પાણી ભરાઈ ન રહે તે માટે દર બે મીટરે જાતાર જાક બનાવવી જરૂરી છે.

રોપણી સમય , રોપણી અંતર

- રોપણી સમય
  - જુનના છેલ્લા પખવાડિયાથી જુલાઈના પ્રથમ પખવાડિયામાં સમયસર રોપણી કરવી.

“શ્રી” પદ્ધતિથી રોપણી માટે નિશાની કરવી.

- રોપણી કરવા ૨૫ સે.મી. ટ ૨૫ સે.મી.ના અંતરે ઝોકડીમાં જીસલીથી માર્કીંગ કરવુ અથવા ૨૫ સે.મી.ના અંતરે દોરીની મદદથી પણ રોપણી કરી શકાય.

- રોપણી
  - ધરૂ ૧૨ થી ૧૪ દિવસનું (બે પાનનું) થાય ત્યારે પાંતળી લોખંડની પ્લેટ કે પાવડા જેવા સાધનને ધરૂના ગાદીક્યારાના તળીયે ઘુસાડી માટી સહિત એવી રીતે ઉચકો કે ધરૂના મુળને કે રોપાને બિલકુલ નુકશાન ન થાય.
  - ૨૫ સે.મી. ટ ૨૫ સે.મી.ના અંતરે નિશાન કરેલ જગ્યાએ માત્ર એક જ રોપાની છીછરી રોપણી એક કલાક કરતાં પણ ઓછા સમયમાં કરી દેવી.

પોષણ વ્યવસ્થા

- એકર દીઠ ૨ ટન છાણીયુ સારૂ કહોવાયેલું કંમ્પોસ્ટ ખાતર અથવા ૨૫૦ કિલો દિવેલીનો ખોળ અથવા ૭૦૦ કિલો વર્મીકમ્પોસ્ટ એકસરખું પુકીને રોટોવેટરથી જમીનમાં પુરતુ ભેળવવું.
- છેલ્લા ધાવલ પછી રોપાણ પહેલા પાયામાં આપવાના

રાસાયણિક ખાતર : પાયાનું ખાતર

- એકરે ૧૧ કિલો ડી.એ.પી. અને ૧૩ કિલો યુરીયા આપવું. જમીનનું પૃથ્થકરણમાં ઝીંકની ઉણપ હોય તો એકરે ૧૦ કિલો ઝીંક સલ્ફેટ અને લોહની ઉણપ હોય તો એકરે ૨૦ કિલો ફેરસ સલ્ફેટ આપવું.
- એકરે ૧૮ કિલો યુરીયા પાકની ફુટ અવસ્થાએ આપવું.
- એકર દીઠ ૨૦ કિલો એમોનીયમ સલ્ફેટ જીવ પડવાની અવસ્થાએ આપવો.

• જૈવિક ખાતરનો ઉપયોગ

- રોપણીના ત્રણથી ચાર દિવસમાં એઝોક્ટોબેક્ટર (એબીએ-૧) અને ફોસ્ફેટ કલ્ચર (પીએસબી-૧૬) ૪૦૦ મીલી/ગ્રામ ૪ તગારા સારા કહોવાયેલા ચાળેલા છાણીયા ખાતર સાથે ભેળવી એકરમાં એકસરખું પુકવું.





ઘાવલ કરેલા ખેતરમાં સેંદ્રીય ખાતર નાખવું

## ખેતરમાં લેવલીંગ



કરવું






ધાવલ કરેલા ખેતરમાં માર્કરથી ખાના પાડવા


માટી સાથે ધરૂ ઉપાડવું











પિયત વ્યવસ્થા

- રોપણી પછી પાણી ચુસાયા બાદ ખેતરમાં વાળ જેટલી પાતળી તિરાડ પડે એટલે હળવું પિયત આપવું. (ખેતર વારા ફરતી કોરું - ભીનું રાખવું) ૫૦ ટકા ફુલ અવસ્થાથી દાણા પાકા થવાની અવસ્થા સુધી છાછરૂ પાણી (૫ સે.મી.) ભરી રાખવું. કાપણીના ૧૦-૧૫ દિવસ પહેલાં ખેતરને સંપુર્ણ રીતે કોરું કરવું.




નિંદણ વ્યવસ્થા

- રોપણીના ૧૦ દિવસ બાદ આંતર ખેડ કરવા આગલા દિવસે હળવુ પિયત આપી કોનોવીડર/રોટરી વીડરની મદદથી ઓછામાં ઓછી ૪ આંતરખેડ ૧૦ દિવસના અંતરે કરી નિંદણને જમીનમાં દબાવવા. કોના વીડરથી જમીનમાં નિંદણ ન દબાય તેવા છોડની નજીકનાં નિંદણનું હાથથી નિંદામણ કરવું.




રોટરી વીડર દવારા નિંદામણ નિયંત્રણ


રોટરી વીડર દવારા નિંદામણ નિયંત્રણ

“શ્રી” (એસ.આર.આઈ.) ડાંગરની સંકલિત ખેતી પદ્ધતિ થી લાભ



## મૂળનો વધુ વિકાસ



## ફૂટની સંખ્યા વધુ તેથી ઉત્પાદન વધુ







વધુ કંટી, ભરાવદાર વધુ દાણા, વધુ ઉત્પાદન


વધુ કંટી, ભરાવદાર વધુ દાણા, વધુ ઉત્પાદન

કાપણી અને કાપણી પછીની વ્યવસ્થા

- દાણાને સખત થવા દેવા અને દાણા ખરતા અટકે તે માટે ફુલ અવસ્થાના ૩૦-૩૫ દિવસ પછી જ્યારે છોડનો રંગ લીલો હોય ત્યારે દાણામાં ભેજનું પ્રમાણ ૨૦ થી ૨૪ ટકા થાય તે સમયે કાપણી કરી લેવાય તેની કાળજી રાખવી.

- કાપણી બાદ ૨-૩ દિવસમાં પુળા બાંધી જેમ બને તેમ વહેલા ઝુંડીને ઉપણી લઈને સુર્યના તાપમાં તપાવી દાણામાં ૧૪ ટકા ભેજ હોય ત્યારે સંગ્રહ કરવો.